શિક્ષણ સાગર એપ્લીકેશન દ્વારા સંપાદિત

પત્રક A ના નિષ્પત્તિ આધારિત પ્રશ્નો



ધોરણ – ૪

ગુજરાતી

સત્ર – ૨



વર્ગ શિક્ષકશ્રીનું નામ : ....

વર્ગ : ....

શાળાનું નામ : ....

તાલુકો : .... જિલ્લો : ....

ધોરણ ૧ થી ૮ ની અધ્યયન નિષ્પત્તિ અને પાઠ આયોજન મેળવવા માટે ગુગલ પ્લે સ્ટોર પરથી શિક્ષણ સાગર એપ ડાઉનલોડ કરો.

શિક્ષણ સાગર

પ્રાસ્તાવિક

સંરચનાત્મક કે વિકાસાત્મક મૂલ્યાંકન

વિદ્યાર્થીઓની સિદ્ધિનું સ્તર જાણવા અને વિદ્યાર્થીઓની સિદ્ધિ પરથી નિદાન કરવા સંરચનાત્મક મૂલ્યાંકનનો ઉપયોગ થાય છે. વર્ગશિક્ષણ સાથે મૂળભૂત રીતે સંકળાયેલ આ પ્રકારનું મૂલ્યાંકન વિદ્યાર્થીને માહિતી અપાયા બાદ, માહિતી વિતરણના કોઈ ચોક્કસ તબક્કે એટલે કે વિષયવસ્તુના કોઈ એક નિશ્ચિત એકમના શિક્ષણ બાદ કરી શકાય. આ પ્રકારનું મૂલ્યાંકન વિદ્યાર્થીઓને પ્રેરણા પૂરી પાડે છે અને શિક્ષકો માટે અધ્યાપન અભિગમ સુધારવાની દિશા સ્પષ્ટ કરે છે. આ પ્રકારનું મૂલ્યાંકન અધ્યયન – અધ્યાપન પ્રક્રિયાના અંતર્ગત ભાગ તરીકે સ્વીકારાયેલ છે, મૂળભૂત રીતે વર્ગીશિક્ષણ સાથે સંકળાયેલ છે.

એકમ કસોટીઓ, શિક્ષક નિર્મિત અનૌપચારિક કસોટીઓ, સ્વાધ્યાયો, વિદ્યાર્થીની કચાશ પારખતી નિદાન કસોટીઓ વગેરે દ્વારા સંરચનાત્મક મૂલ્યાંકન હાથ ધરી શકાય. ટૂંકમાં કહીએ તો સંરચનાત્મક મૂલ્યાંકન વિષયવસ્તુની ચોક્કસ બાબતોના સંદર્ભમાં વિદ્યાર્થીઓનું પ્રવર્તમાન સિદ્ધિ સ્તર જાણવા માટે હાથ ધરાય છે. સંરચનાત્મક મૂલ્યાંકન એ સતત અને સર્વગ્રાહી રીતે ચાલતી અધ્યયન માટેના મૂલ્યાંકનની પ્રક્રિયા છે.

શાળાઓમાં વિદ્યાર્થીઓના સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન માટે યોજના તૈયાર કરતાં વિદ્યાર્થીઓના વિકાસના વિવિધ પાસાંને ધ્યાનમાં રાખી સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકનની યોજનાને નીચેના જેવા ચાર વિભાગમાં વહેંચી શકાય:

(1) બૌદ્ધિક બાબતોના અભ્યાસના વિષયોનું મૂલ્યાંકન

(2) શારીરિક ક્ષમતા, સ્વાસ્થ્ય અને ઉત્પાદક કૌશલ્યોનું મૂલ્યાંકન

(3) સામાજિક ગુણો, શક્તિઓ અને સમજનું મૂલ્યાંકન

(4) વિવિધપ્રકારનાં મૂલ્યો, વલણો, અભિરુચિઓ, પસંદગીઓ અને દષ્ટિકોણનું મૂલ્યાંકન

ઉપરોક્ત વિભાગોને ધ્યાનમાં રાખી ક્યા વિભાગનું મૂલ્યાંકન કોણ કરશે, કઈ રીતે કરશે. વગેરે બાબતો શાળાના સમગ્ર શિક્ષકોની સક્રિય મદદ લઈ સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકનની યોજના તૈયાર કરવી જોઈએ. આ યોજના અમલમાં મૂક્યા પછી તેમાં જણાઈ આવતી ઉણપો સુધારી દર વર્ષે સુધારા- વધારા સાથેની યોજના અપનાવવી જોઈએ.

સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન (SCE) બાબત માર્ગદર્શન

સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન (SCE) બાબત માર્ગદર્શન @ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સિદસર – ભાવનગર. સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન સંદર્ભે તાલીમમાં વારંવાર કેટલાંક પ્રશ્નો પુછવામાં આવતાં હોય છે તે બાબતે અહીં કેટલીક સ્પષ્ટતાઓ કરવામાં આવી છે.

પ્રશ્ન : નવી અધ્યયન નિષ્પત્તિઓ જીસીઈઆરટી દ્વારા આપવામાં આવી છે તે કઇ રીતે ઉપયોગમાં લેવી ?

જવાબ : નવા પાઠ્યપુસ્તક સાથે તેમની અધ્યયન નિષ્પત્તિઓ પણ જીસીઈઆરટી દ્વારા તેમની વેબસાઈટ www.gcert.gujarat.gov.in પર મુકવામાં આવી છે . યાદ રાખીએ કે આ અધ્યયન નિષ્પત્તિઓ આદર્શ રીતે આપેલાં વિષયવસ્તુને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવી છે . આ અધ્યયન નિષ્પત્તિઓમાં મુખ્ય નિષ્પત્તિ અને જરૂર મુજબ તેની પેટા અધ્યયન નિષ્પત્તિઓની યાદી આપવામાં આવી છે . સાથે જ જે - તે અધ્યયન નિષ્પત્તિનાં અધ્યયન - અધ્યાપન માટેની પ્રવૃત્તિ પણ આપવામાં આવી છે . જ્યારે પણ આપણે વિદ્યાર્થીને અધ્યયન - અધ્યાપનનાં અનુભવ પુરા પાડીએ તેમાં આ પ્રવૃત્તિઓ કરાવવાની છે.

પ્રશ્ન : પત્રક - A માટે અધ્યયન નિષ્પત્તિઓ કેવી રીતે પસંદ કરવી અને ક્યારે કરવી ?

જવાબ : પત્રક - A જેને આપણે રચનાત્મક મૂલ્યાંકન તરીકે ઓળખીએ છીએ . આ ★અનૌપચારિક★ મૂલ્યાંકન સ્વરૂપનાં માળખામાં સમાવિષ્ટ છે . જ્યારે અધ્યયન - અધ્યાપનની પ્રક્રિયા ચાલતી હોય તે દરમિયાન ★અનૌપચારિક★ રીતે ★જ★ જે અધ્યયન નિષ્પત્તિઓ ચકાસી શકાય તેમ હોય તેવી અધ્યયન નિષ્પત્તિઓને રચનાત્મક મૂલ્યાંકન માટે પસંદ કરી શકાય . આ અધ્યયન નિષ્પત્તિઓની પસંદગી અને મૂલ્યાંકન શિક્ષકની વિશિષ્ટ આવડત માંગી લે તેવું કામ છે . આ માટેની અધ્યયન નિષ્પત્તિઓ શિક્ષકે અગાઉથી જ સત્રારંભે નક્કી કરી લેવી જોઇએ જેથી જે - તે અધ્યયન નિષ્પત્તિનાં અધ્યાપન કાર્ય વખતે મૂલ્યાંકનનું આગોતરૂં આયોજન થઈ શકે અને સાતત્યતાપૂર્ણ મૂલ્યાંકન થઇ શકે .

પ્રશ્ન : જીસીઈઆરટી દ્વારા આપવામાં આવેલી અધ્યયન નિષ્પત્તિની યાદીમાં ૨૦ કરતાં વધારે અધ્યયન નિષ્પત્તિઓ આપવામાં આવી છે તો અધ્યયન નિષ્પત્તિઓ કેમ લેવી ?

જવાબ : જીસીઈઆરટી દ્વારા જે અધ્યયન નિષ્પત્તિઓની યાદી આપવામાં આવી છે તે અધ્યયન - અધ્યાપન માટેની યાદી છે . જ્યારે આપણે મહત્તમ ૨૦ અધ્યયન નિષ્પત્તિ લેવાની વાત કરીએ છીએ ત્યારે ધ્યાન રાખીએ કે આપણે અનૌપચારિક મૂલ્યાંકન પત્રક- A ની વાત કરીએ છીએ . અનૌપચારિક રીતે મૂલ્યાંકન થઈ શકે તેવી મહત્તમ ૨૦ પ્રતિનિધિરૂપ ક્ષમતા જ પત્રક -A માટે લેવાની છે .

પ્રશ્ન : એકમ કસોટીમાં આપવામાં આવેલી અધ્યયન નિષ્પત્તિઓનાં આધારે રચનાત્મક મૂલ્યાંકન પત્રક - A માં મૂલ્યાંકન નોંધ કરી શકાય ?

જવાબ : એકમ કસોટી નિશ્ચિત માળખામાં લેવામાં આવે છે . અને તે લેખિત પ્રકારની એટલે ઔપચારિક પ્રકારની કસોટી છે જ્યારે રચનાત્મક પત્રકમાં અનૌપચારિક મૂલ્યાંકનની વાત છે . એકમ કસોટી જે - તે એકમ અથવા એકમોનાં અંતે લેવામાં આવે છે જ્યારે રચનાત્મક મૂલ્યાંકન પત્રક - A સતત થતાં મૂલ્યાંકનનો ભાગ છે જે અધ્યયન - અધ્યાપન પ્રક્રિયા દરમિયાન થાય છે

પ્રશ્ન - રચનાત્મક મૂલ્યાંકન પત્રક - A માટે જો મૌખિક પ્રશ્નો પૂછવામાં આવ્યા હોય તો તેનો આધાર કેવી રીતે રાખવો ?

અથવા પત્રક- A ના મૂલ્યાંકનનાં આધાર કેવી રીતે રાખવાં ?

જવાબ: અગાઉ એક પ્રશ્નના જવાબમાં વાત થઇ . રચનાત્મક મૂલ્યાંકનમાં એવી અધ્યયન નિષ્પત્તિઓની પસંદગી કરવામાં આવે છે જેનું મૂલ્યાંકન અનૌપચારિક રીતે કરવામાં આવતું હોય આ પ્રકારનાં મૂલ્યાંકન માટે શિક્ષકે આગોતરૂં આયોજન કરવું પડે તે પણ આપણે જાણ્યું . હવે વાત કરીએ આધારોની તો તમે જે - તે અધ્યયન નિષ્પત્તિ પત્રક - A માટે લીધી હોય તે માટે મૂલ્યાંકન પદ્ધતિનું આગોતરૂં આયોજન તો કર્યું જ હોય છે . આ આયોજન પણ તમારો આધાર બની શકે.

દૈનિકબુકમાં પણ મૂલ્યાંકન નોંધમાં તમે તે નોંધ્યું હશે . તમે રચનાત્મક મૂલ્યાંકન માટે કોઇ અનૌપચારિક ક્રિયાત્મક કસોટી નક્કી કરી હોય તો તેમાં વિદ્યાર્થીએ કરેલાં કામને આધાર તરીકે રાખી શકાય , મૌખિક પ્રશ્નોત્તરી અથવા ક્યારેક સામુહિક અનૌપચારિક મૂલ્યાંકન વખતે આધાર ન હોય તો ચાલી શકે પણ મૂલ્યાંકન સાતત્યતાપૂર્ણ કરવામાં આવ્યું હોય તે જરૂરી છે . ઉદાહરણ તરીકે કોઇ એક અધ્યયન નિષ્પત્તિ માટે શિક્ષકશ્રી દ્વારા મૌખિક પ્રશ્નોત્તરી કરવામાં આવી હોય અને તેનાં આધારે રચનાત્મક પત્રક - A માં સિદ્ધિની નોંધ કરવામાં આવી હોય . હવે ફરીવાર જ્યારે અનૌપચારિક મૂલ્યાંકન કરવામાં આવે ત્યારે અપવાદ અને સહજ અમુક વિદ્યાર્થી બાદ કરતાં બાકીનાં વિદ્યાર્થીઓ જવાબ આપી શકે તે આવશ્યક છે .

👉 પરિપત્ર ડાઉનલોડ કરો

માનનીય હરેશભાઈ ચૌધરી સાહેબનો રચનાત્મક મૂલ્યાંકન આધારિત વિડીયો જોવા અહી ક્લિક કરો

સંદર્ભ : Guidance on Continuous and Comprehensive Assessment (SCE) @ District Education and Training Bhavan, Sidsar – Bhavnagar

ધ્યાનમાં રાખવાની વાત : અહી આપેલ પત્રક A અને નીચે આપેલ પ્રશ્નો એ ફક્ત નમુના રૂપ છે શિક્ષક મિત્રો તમે તમારા ધોરણ માં વર્ગ ની પરિસ્થિતિ મુજબ અધ્યયન નિષ્પતિ માં બદલાવ કરી શકો છો..

શિક્ષણ સાગર એપ્લીકેશન ટીમ

રચનાત્મક મુલ્યાંક્ન પત્રક   વિષય- ગુજરાતી   ધોરણ - ૪   (દ્વિતીય સત્ર)

શાળાનું નામ :   **તા.**   **પત્રક :- A**   **સને : 2022-23**

ક્ર.નં	વિદ્યાર્થીનું નામ	6. ભાઈબંધ મારો બોલ્યો કુહૂ				7. ખોટો જાદુ ખોટો બાવો ?				8. ટામેટાની દડી, રમે દાદાદાદી					9. કમળજળ કમળજળ કમળજળ કમળજળ				10. રંગે સંગે કામ કરો, ફરી એક લટાર			શિક્ષણ સાગર			
		1.2 વાક્યોમાં વિરામચિહ્ન પરખે.	5.10 પાડેલા નામ (વ્યક્તિવાચક) અને સમૂહવાચક ઓળખાવે.	6.4 શબ્દનું રૂપાંતર કરી અન્ય શબ્દ બનાવે.	6.7 શબ્દના અર્થ તારવે.	1.5 જોડાક્ષરોનું શ્રવણ, વાંચન, લેખન સ્પષ્ટ રીતે કરે.	1.8 શબ્દો મોટેથી વાંચે.	1.10 ચારથી પાંચ ધ્વનિવાળા શબ્દોનું ડીકોડિંગ કરે.	5.11 'સ' અને 'શ'નો ઉચ્ચાર ભેદ પરખે અને પ્રયોજે.	4.1 પરિચિત પ્રસંગો, સ્થળ અને વ્યક્તિનું વર્ણન કરે.	4.2 આરોહ અવરોહ સાથે/અભિનય સાથે વાર્તા રજૂ કરે.	5.12 જોડાક્ષર અને સંયુક્તાક્ષરનું શ્રવણ, કથન, વાંચન, લેખન સ્પષ્ટ રીતે કરે.	5.8 વર્તમાન ભૂત અને ભવિષ્યસૂચક વાક્યો ઓળખાવે, પરિસ્થિતિ અનુસાર ઉપયોગ કરે.	5.10 અક્ષરોમાંના (હ્રસ્વ અને દીર્ઘ) સ્વરચિહ્નો ઓળખાવે	6.2 સમાનાર્થી તેમજ વિરુદ્ધાર્થી શબ્દ શોધે અને ઓળખાવે.	5.14 છાપેલ ઘટના/પ્રસંગ/વાર્તા કે સંવાદની પછીની ઘટના પ્રસંગ/વાર્તા કે સંવાદની ધારણા કરે.	8.4 અભિનય કાવ્યગાન કરે.	8.6 ગીત તથા ગાન શ્વાસનિયમન કરે.	5.7 વિધાન વાક્ય, પ્રશ્નાર્થ વાક્ય (પ્રશ્નાર્થ પ્રત્યય સહિત) અને ઉદ્ગાર વાક્ય ઓળખે અને ઉપયોગ કરે.	7.4 વાર્તા/કાવ્ય/પ્રસંગ/ચિત્રોમાં પ્રગટ થતા ભાવ ગ્રહણ કરે.	8.8 મનોશારીરિક કેળવણીની રમતો રમે.	સત્રાંતે વિદ્યાર્થીઓ એ મેળવેલ જે તે નિશાની ઓની કુલ સંખ્યા			૪૦ માંથી મેળવેલ ગુણ
		1	2	3	4	5	6	7	8	9	10	11	12	13	14	15	16	17	18	19	20	√	?	×	

૬. ભાઈબંધ મારો બોલ્યો કુદૂ

1 G૪૦૧ શબ્દ અને વાક્યોનું સંકેતીકરણ કરે છે.

૦. ઉદાહરણ મુજબ વાક્ય બનાવો.

(૧) ૧. હું જમ્યો

૨. હું જમુ છું.

૩. હું જમીશ.

(૨) ૧. ____________

૨. ____________

૩. હું બોલીશ.

(૩) ૧. હું રમ્યો.

૨. ____________

૩. ____________

(૪) ૧. ____________

૨. હું દોડું છું.

૩. ____________

2 G૪૦૨ શબ્દો અને વાક્યોનું શબ્દીકરણ કરી શકે છે.

કૌંસમાં આપેલાં સાધનોનો ઉપયોગ નીચેનામાંથી કોણ કરે છે તેની સામે લખો.
(ચોકડો, ખૂરપી, સોય-દોરો, કરવત, ધમણ)

માળી ____________

લુહાર ____________

સુથાર ____________

દરજી ____________

કુંભાર ____________

3 G૪૦૫ કથાનાત્મક લખાણનું વાંચન–અર્થગ્રહણ કરે છે.

નીચેના શબ્દોનો ઉપયોગ કરી વાક્ય બનાવો.

આભ ______________________________

ટોળી ______________________________

લોહી ______________________________

માળો ______________________________

4 ૪૦૬ માહિતીલક્ષી લખાણ લખી/કરી શકે છે.

પ્રશ્ન : નીચેના પ્રશ્નોના જવાબ આપો:

૧. તમે ઠંડી લાગે ત્યારે તમે શું કરો છો?

----

૨. તમને કઈ ઋતુ ગમે છે?

શિક્ષણ સાગર

૩. તમે ખેતરમાં હોઈ અને વરસાદ આવે ત્યારે તમે શું કરશો?

----

૪. તાપણું કરવા કઈ કઈ વસ્તુનું ની જરૂર પડશે?

----

7. ખોટો જાદુ ખોટો બાવો ?

5 G૪૦૧ શબ્દ અને વાક્યોનું સંકેતીકરણ કરે છે.

પ્રશ્ન ૫. દરેક વાક્યમાં નીચે આપેલા બંને શબ્દ આવે તેવું વાક્ય બનાવો.

(૧) ડાકણ - લીંબુ

વાક્ય : ____________________

(૨) રબર - ચાવી

વાક્ય : ____________________

(૩) જામફળ - બંગડી

વાક્ય : ____________________

(૪) દુપટ્ટો - ચૂનાનો ભૂકો

વાક્ય : ____________________

(૫) ચપ્પુ - જાદુગર

વાક્ય : ____________________

6 G૪૦૭ વર્ણનાત્મક લેખન વાંચી શકે છે અને સમજી શકે છે.

1. પાઠ્યપુસ્તકના પાના નંબર-૧૨૨ ઉપરની કવિતા "બમ બમ ભોલા"નું પઠન કરો અને તેમા આવતા શબ્દો નીચેના શબ્દ ચોરસમાંથી શોધી તેના ફરતે ○ કરો અને કોઈ પણ પાંચ લખો.

(૧) ____________

(૨) ____________

(૩) ____________

(૪) ____________

(૫) ____________

સ	જા	આ	ટો	મ
ર	દૂ	ભિ	જી	ર
ગ	ગ	ક્ષા	ર	જી
વો	ર	લાં	બી	ભ
બ	ચો	પિ	યો	ભૂ
સ	ર	પા	વો	ત

7 G૪૦૮ કાવ્યાત્મક લખાણને વાંચે, માણે અને સમજે છે.

પ્રશ્ન ૨. કવિતાના આધારે નીચેનાં વાક્યો સુધારો.

૧. બાએ ચીપિયો ખખડાવ્યો.

___

૨. બચુ રસોઈ કરવા બેઠો હતો.

___

૩. નિરંજન ભિક્ષા માગવા આવ્યો હતો.

___

૪. બાવાજીએ ભિક્ષામાં મીઠાઈ - માવા માગ્યા.

___

૫. બચુ આજીજી કરવા લાગ્યો.

___

૪ G૪૧૨ લેખિત અભિવ્યક્તિ કરી શકે છે.

પ્રશ્ન ૧. ચિત્ર જોઈને પ્રશ્નોના જવાબ આપો.

૧. આ ચિત્ર કઈ જગ્યાનું હશે?

૨. પતંગિયું ઊડીને ક્યા જતું હશે?

૩. ચિત્રમાંની લાલ ફ્રોકવાળી છોકરી શું કરતી હશે?

૪. ફૂવારામાંથી બહાર ઊડતું પાણી તમારા પર પડે તો?

૫. ચિત્રમાંથી કેટલા બાળકો છે ? તેમના નામ શું હશે?

૪. ટામેટાની દડી, રમે દાદાદાદી

9 ૪૦૬ માહિતીલક્ષી લખાણ લખી/કરી શકે છે.

આપેલી માહિતીને આધારે તમને ગમતી રમત વિશે લખો.

- રમતનું નામ : ____________________
- કેટલા ખેલાડીઓ જોઈએ ? ____________________
- ક્યાં ક્યાં રમી શકાય ? ____________________
____
- આ રમત કેવી રીતે રમાય ? ____________________
- તમો આ રમત શા માટે ગમે ? ____________________
____
____
____
____
____
____

10 G૪૦૨ શબ્દો અને વાક્યોનું શબ્દીકરણ કરી શકે છે.

પ્રશ્ન ૪ કવિતાના શબ્દોનો ઉપયોગ કરી વાક્યો બનાવો.

ટામેટું : ____________________

ફ્રીઝ : ____________________

દરવાજો : ____________________

અડકો દડકો : ____________________

બરફ : ____________________

11 G૪૦૭ વર્ણનાત્મક લેખન વાંચી શકે છે અને સમજી શકે છે.

પ્રશ્ન ૫ નીચેનો ફકરો વાંચો અને સાચા વાક્ય સામે 'હા જી હા' અને ખોટા વાક્ય સામે 'ના જી ના' લખો.



તમે કોઈ દિવસ સબરસ ચાખ્યું છે? આવું તમને કોઈ પૂછે તો મૂંઝાઈ ન જતાં કેમ કે સબરસ એટલે મીઠું. રસોડાનો રાજા કોણ?- એમ તમારી મમ્મીને પૂછો તોપણ કહેશે કે રસોડાનો રાજા એટલે મીઠું! એ કેવી રીતે પાકે છે તે જાણો છો? તે માટે દરિયાકિનારે જમીન પર ક્યારીઓ (પાટા) બનાવી દેવામાં આવે છે. તેમાં દરિયાનું પાણી ભરી દેવામાં આવે છે. ક્યારીઓમાં ભરેલા સમુદ્રના પાણીને તડકામાં સૂકવવામાં આવે છે. આમ કરવાથી પાણીનું બાષ્પીભવન થઈ જાય છે એટલેકે પાણી વરાળ બની ઊડી જાય છે. ક્યારીઓમાંથી પાણી ઊડી ગયા બાદ માત્ર મીઠું વધે છે.તેના નાના નાના ઢગલા બનાવવામાં આવે છે મીઠું પકવવાની આ ક્યારીઓને અગરકહે છે અને મીઠું પકવનારને અગરિયા. મીઠઆને નમક, સબરસ, લવણ અથવા લૂણ પણ કહેવામાં આવેછે. કચ્છ બાજુ આપણે પ્રવાસ માટે નીકળીએ તો કચ્છ પ્રદેશમાં પ્રવેશતાં જ કચ્છની બારી ગણાતા સૂરજબારી પંથકથી જતમને મીઠાની ખેતી કરતાં અગરિયાઓને મળવાનો લહાવો મળી શકે. દક્ષિણ ગજરાતના દાંડી અન ધરાસણા તો મીટા માટે જગ પ્રસિદ્ધ છે.

(૧) સબરસ એટલે મીઠું. [ ]

(૨) દરિયાનું પાણી મીઠું હોય છે. [ ]

(૩) અગરિયા જુવાર પકવે છે. [ ]

(૪) ક્યારીઓમાં ભરેલા સમુદ્રના પાણીને તડકામાં સૂકવવામાં આવે છે. [ ]

(૫) ચિત્રમાં મીઠાની ઢગલીઓ દેખાય છે. [ ]

12 G૪૧૩ નામ ઓળખ્યા વિના વ્યાકરણના ઘટકો ઓળખે છે અને પ્રયોજે છે.

નીચેની ખાલી જગ્યા યોગ્ય શબ્દની મદદથી પૂરો :

(એટલે, અને, પણ, પરંતુ, કારણ કે)

(૧) સાહેબ ગુસ્સે થાય ખરા, ________ મારે નહીં.

(૨) આજે જન્માષ્ટમી છે. ________ પંજરીનો પ્રસાદ મળશે.

(૩) મહેશ ________ રોનક ખેતરના શેઢે ફરી રહ્યા છે.

(૪) ગાય રાતી છે ________ તેનું વાછરડું ધોળું છે.

(૫) દૂરબીનથી દૂરનું સ્પષ્ટ દેખાય છે, ________ તેમાં વિવિધ પ્રકારની કાચની વ્યવસ્થા હોય છે.

13 G૪૧૫ નવા શબ્દોના અર્થની ધારણા કરે છે અને નવા શબ્દો બનાવે છે.

નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો આપી વાક્ય પ્રયોગ કરો.

(૧) મિત્ર = ________

____

(૨) ધ્યાનપૂર્વક = ________

____

(૩) રસપ્રદ = ________

____

(૪) ચપળતા = ________

____

(૫) છેડો = ________

____

૭. કમળજળ કમળજળ કમળજળ કમળજળ

14 G૪૦૧ શબ્દ અને વાક્યોનું સંકેતીકરણ કરે છે.

કૌંસમાં આપેલા શબ્દોનો ઉપયોગ કરીને પ્રશ્નો બનાવો.

૧. છોકરાંઓ દરરોજ ગયો ચરાવવા જંગલમાં જાય.

________________________________ (ક્યાં)

________________________________ (કોણ)

________________________________ (શું)

૨. કૃષ્ણ અને બલભદ્ર બધા ગોવાળોની વાત સાંભળતા હતા.

________________________________ (કોની)

________________________________ (કોણ)

________________________________ (શું)

15 G૪૦૫ કથાનાત્મકલખાણનું વાંચન–અર્થગ્રહણ કરે છે.

કૌંસમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો :

૧. હું આવતાં વર્ષે નવરાત્રીમાં ગરબા ____________. (રમીશ, રમ્યો, રમું)

૨. ગઈકાલે મને મેચ જોવાની મજા ____________. (પડી, પડે છે, પડશે)

૩. આજે મામા નવી ગાડી લઈને ____________. (આવ્યા, આવશે, આવ્યાં હતા)

૪. ગયા અઠવાડિયે અમે ગુલાબજાંબુ ____________. (ખાધાં, ખાઈશું, ખાઈએ છીએ)

૫. અત્યારે હું ફિલ્મ ____________. (જોઈ, જોઉં છું, જોઈશ)

16 G૪૦૮ કાવ્યાત્મક લખાણને વાંચે, માણે અને સમજે છે.

કાવ્યપંક્તિના કેટલાક શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે તે શબ્દને યોગ્ય સ્થાને મૂકી કાવ્ય પંક્તિ ફરીથી લખો.

૧. જાગશે મને મારશે, તને બાળહત્યા લાગશે.

૨. નિશ્ચયે તારો કાળ, જ આવિયો, અહિયાં તે શીદ ખૂટ્યો.

૩. લાખ તુજને મારો હાર આપું, આપું સવાનો દોરિયો.

17 G૪૧૨ લેખિત અભિવ્યક્તિ કરી શકે છે.

પ્રશ્ન ૧૦. આ ચિત્રમાં બિલાડી, ગાય અને વાછરડુ શું વાત કરતા હશે ? તે લખો.

10. રંગે સંગે કામ કરો, ફરી એક લટાર

18 G૪૧૩ નામ ઓળખ્યા વિના વ્યાકરણના ઘટકો ઓળખે છે અને પ્રયોજે છે.

. આપેલા શબ્દોનો ઉપયોગ કરી અર્થપૂર્ણ વાક્ય બનાવો.

ઉદાહરણ - સ્કૂલ : લેશન

મનને સ્કૂલનું લેશન પૂરું કર્યું.

૧. ચૂનો : દીવાલ

____

૨. સફરજન : ટોપલી

____

૩. જુવાર : ખેતર

____

૪. દાંતરડું : પછેડી

____

૫. નદી : પાણી

____

19 Gક૧૪ પરિચિત શબ્દોને ઓળખી શકે છે.

ઉદાહરણ મુજબ શબ્દમાં જરૂરી ફેરફાર કરો.

૧.	બડબડ	-	________	(૬)	________	-	બણબણાટ
૨.	બડબડ	-	________	(૮)	બણબણ	-	________
૩.	ભડભડ	-	________	(૯)	સળવળ	-	________
૪.	________	-	સડસડાટ	(૧૦)	________	-	ઝળહળાટ

20 G૪૧૭ મનોશારીરિક પ્રવુત્તિઓ કરી શકે છે.

૦. તમે પોતાના ચહેરા પરનું દુઃખ છુપાવી રાખ્યું છે ? ક્યારે ક્યારે ? (કોઈ પણ બે ઘટના લખો.)

ઘટના - ૧ ________________________________

____

____

ઘટના - ૨ ________________________________

____

____

शिक्षण सागर

આવું તમામ ધોરણનું વિષય વાઈઝ અધ્યયન નિષ્પત્તિ આધારિત પ્રશ્નો માટે નીચે આપેલ ધોરણ સામે ક્લિક કરો.



ધોરણ – ૩ CLICK HERE

ધોરણ – ૪ CLICK HERE

ધોરણ – ૫ CLICK HERE

ધોરણ – ૬ CLICK HERE

ધોરણ – ૭ CLICK HERE

ધોરણ – ૮ CLICK HERE

shikshansagar.com · શિક્ષણ સાગર · The King of Education

SHIKSHAN SAGAR

(શિક્ષણ સાગર)

એપ્લીકેશન ની વિશેષતા

શિક્ષણ સાગર
shikshansagar.com
The King of Education

આ એપ્લીકેશન મુખ્ય ત્રણ વિભાગમાં વહેચવામાં આવી છે .

૧. ટીચર ૨. વિદ્યાર્થી
૩. ટીચર હેલ્પ ડેસ્ક

ટીચર – ઓનલાઈન હાજરી , MDM હાજરી , SAS ગુજરાત , ગુણોત્સવ પોર્ટલ , જ્ઞાનકુંજ પ્રોજેક્ટ , GSHALA લોગીન , આધાર ડાયઝ એન્ટ્રી , શિષ્યવૃત્તિ ઓનલાઈન હાજરી , ખેલ મહાકુંભ એન્ટ્રી , ઈન્સ્પાયર એવોર્ડ એન્ટ્રી , CPF ચેક કરો , ઓનલાઈન PLI – LIC ભરો .

અમારા શિક્ષણ સાગર વોટ્સઅપ ગ્રુપમાં જોઈન થાઓ.

શિક્ષણ સાગર
JOIN GROUP

શિક્ષણ સાગર
shikshansagar.com
The King of Education



વિદ્યાર્થી – પાઠ્યપુસ્તક , પાઠ આયોજન , શિક્ષક આવૃત્તિ , સ્વ અધ્યયનપોથી , ઓનલાઈન MCQ , યુનિટ ટેસ્ટ , એકમનું સ્વાધ્યાય , MP3 કાવ્ય , અધ્યયન નિષ્પતી , અધ્યયન નિષ્પતી આધારિત પ્રશ્નો , સંદર્ભ સાહિત્ય અને આ બધું પાઠ વાઈઝ

ટીચર હેલ્પ ડેસ્ક – શિક્ષક ઉપયોગી મટેરિયલ્સ , તમારું બનાવેલું મટેરિયલ્સ અમને આપો , તમારે જે મટેરિયલ્સ જોઈએ તે અમને કહો , મૂંઝવણ અને માર્ગદર્શન .

અમારા શિક્ષણ સાગર એપ્લીકેશન પ્લે–સ્ટોર માંથી ડાઉનલોડ કરો.

JOIN
શિક્ષણ સાગર
APPLICATION